જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૪/૨૦૧૭ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૭૬૭/૧૭**

### -: દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી દારુ/જુગારની ગેર કાયદેસર પ્રવુતિ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

(૧) અત્રેના દાણીલીમડા પો.સ્ટે ના. પો.સબ.ઈન્સ એચ.એન,પટેલ તથા સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા કલાક : ૨૦/૦૦ વાગે દાણીલીમડા કોઝી હોટલ પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.હરપાલસિંહ પવનસંગ તથા પો.કો.જગદીશકુમાર ગણેશભાઈ નાઓને મળેલ સયુંકત બાતમી હકિકત આધારે આરોપી એજાજ જાકીરભાઇ રંગરેજ ઉ.વ ૨૦, રહે સીમા રો હાઉસ સુનહરી રો હાઉસની બાજુમાં ઠાકોરવાસની પાછળ,દાણીલીમડા અમદાવાદ શહેર નાને તેના કબ્જામાંથી મળી આવેલ પરપ્રાતીય ઈગ્લીંશ દારૂની ROCK & STROM REVOLUTION EXTRA DRY GIN PREMIUM QUALITY બ્રાન્ડની ૧૮૦ એમ.એલ.ની સીલબંધ બોટલો નંગ- ૩૬ કુલે કિ,રુ.૭,૨૦૦/- ની મત્તાના દારૂના જથ્થા સાથે પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી ગેર-કાયદેસર રીતે ચાલતી દારૂની પ્રવુતી શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

### સરદારનગર પોલીસ સ્ટેશન

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જી' ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા ચાલતી પ્રોહીની અસામાજીક પ્રવુતી નેસ્ત નાબુદ કરવા માટે આજરોજ ૧૭/૦૦ થી સરદારનગર પોલીસ સ્ટેશન કર્મચારી/ અધિકારીઓની અલગ અલગ ટીમો બનાવી છારાનગર ,મહાજનીયાવાસ, કુબેરનગર , કેકાડીવાસ સંતોષીનગર, સરદારનગર ,નોબલનગર વિસ્તારમા અલગ અલગ ટીમો દ્વારા રેઇડો કરી.

(૧) પ્રોહી કબ્જાના સફળ <u>દેસીદારૂના કેસો ૭(સાત)</u> તથા તથા <u>ઇંગ્લીસ દારૂનો કેસ ૧(એક)</u> મળી <u>કુલ્લે પ્રોહીબીશનના ૮ કેસો શોધી</u> કાયદેસરની કાર્યવાહી કરેલ છે
(૨) જુગાર નો કેશ એક જેમા <u>૪ ઇસમોને</u> <u>પકડી જુગાર ધારા કલમ ૧૨</u> મુજબની કાર્યવાહી કરેલ છે. આમ, આજરોજ સરદારનગર પોલીસ સ્ટેશન દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામા આવેલ છે. તા ૧૨/૦૪/૨૦૧૭



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આજરોજ મે.પોલીસ કમિશ્નર સા. શ્રી તથા સેકટર -૨ સાહેબ તથા ઝોન-૪ સાહેબની સુચનાથી તથા જી'ડીવીજન સાહેબા તથા પો.ઇન્સ શ્રી એચ.,બી ઝાલા સહેબની જાણ હેઠળ પો.સ.ઇ પી.જે.ખરસાણ તથા મ.સ.ઇ. અરવિંદ્દસિંહ શંકરસિંહ બ.ન.૬૪૦૯ તથા પો..કોન્સ વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ તથા પો.કો કપીલભાઇ કાન્તીભાઇ બ.નં.૨૦૧૮ તથા પો.કો.ધારુભાઇ રમસુભાઇ બ.ન.૬૬૦૭ તથા પો.કો દીનેશકુમાર સાગરભાઇ બ.ન.૨૯૮૨ નાઓ સાથે સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન. કેકાડીવાસના નાકે આવતા સાથેના <u>પો.કો. દીનેશકુમાર સાગરભાઇ બ.ન.૨૯૮૨ નાઓએ બાતમી હકીકત</u> આપેલ કે બે ઇસમ નામે(૧) શશીકાન્ત ઉર્ફે નોળીયો સ/ઓ રાજુભાઇ જાતે જાદવ તથા (૨) ગનેશભાઇ સ/ઓ શંકરભાઇ જતે ગાયકવાડ બન્ને રહે-કેકાડીવાસ એ વોર્ડ કુબેરનગર અમદાવાદશહેર જે નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.ન.૧૧૩/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનાના કામે આરોપી વોન્ટેડ હોય જે કેકાડીવાસના નાકે રોડ ઉપર આવેલ ચાની કીટલી પાસે બેસેલ છે જે હકીકત આધારે બે પંચોના માણસો સાથે વોચમા રહી સદરી ઇસમો <u>(૧) શશીકાન્ત ઉર્ફે નોળીયો સ/ઓ રાજુભાઇ જાતે જાદવ ઉવ.૨૭ રહેવાસી.કેકાડીવાસ એ વોર્ડ કુબેરનગર અમદાવાદશહેર તથા (૨) ગનેશભાઇ સ/ઓ શંકરભાઇ જતે ગાયકવાડ ઉવ.૨૨ રહે-કેકાડીવાસ એ વોર્ડ કુબેરનગર અમદાવાદશહેર</u> આવતા પકડી તેઓ <u>**નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.ન.૧૧૩/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪**</u> મુજબનાં ગુનામાં વોન્ટેડ હોવાનુ કબુલ કરતા હોય જેને પકડી <u>સી.આર.પી.સી કલમ ૪૧(૧) એ</u> મુજબ પકડી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

તા ૧૨/૦૪/૨૦૧૭ નાં ક.૧૧/૦૦ વાગે.

## <u>મો.ફોનની ચોરી કરતા આરોપીઓને પકડી પાડતી</u>
## <u>રામોલ પોલીસ અમદાવાદ શહેર</u>

સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ડી.બી વાઘેલા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. ગીરીશભાઇ પંડ્યા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી રઘુવંશી સાહેબ તથા સિનીયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી પી.આઇ.સોલંકી સાહેબનાઓ તરફથી મળેલ સુચના આધારે તા.૩૦/૦૩/૧૭ ના રોજ અમો સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા-ફરતા કલાક કલાક ૧૯/૦૦ વાગે સોટીએમ બ્રીજ નીચે આવતા અમોને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે

**રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૩૮/૧૬ ધી ઇપીકો કલમ ૩૭૯.૩૫૬.૧૧૪ મુજબના ગુનાનો ભેદ** ઉકેલી

**આરોપી મહમદ શાહરુખ અનિસ અહેમદ અંસારી ઉવ ૨૨ રહે.પીરુભાઇના મકાનમાં નુરભાઇ ધોબીની ચાલી આમ્રપાલી સિનેમા સામે ગોમતીપુર અ'વાદ શહેર** નાની પાસેથી સદર ગુનામાં ચોરાયેલ ગોલ્ડન કલરનો સેમસંગ કંપનીનો એ-૫ મોડલનો મો.ફોન જેનો આઇ એમ ઇ આઇ નંબર 358005071508144 જેવો વંચાય છે કિરુ ૧૫૦૦૦/- ગણી આરોપીને તા.૧૨/૪/૨૦૧૭ ના કલાક ૨૦/૦૦ વાગે પકડી અટક કરી વધુ પુછપરછ હાથ ધરેલ છે.

આરોપી- મહમદ શાહરૂખ





Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજરોજ તા.૧૩/૪/૧૭ સુરક્ષા સેતુ રથનુ આયોજન કરી ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.




નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)